# સે-૨૧માં ૪૫ કરોડના ખર્ચે નવુ ક્રિકેટ સ્ટેડિયમ તૈયાર કરાશે

**પ્રથમ તબક્કાની કામગીરી દરમિયાન પીચ તૈયાર કરાઇ હતી : આંતરરાષ્ટ્રીય પીચ નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ પીચ તૈયાર : સ્ટેડિયમનુ કામ પણ દોઢ વર્ષમાં પુર્ણ કરી દેવાશે**

ગાંધીનગર તા ૨૩

શહેરના સે-૨૧ માં નવુ ક્રિકેટ સ્ટેડીયમ તૈયાર કરવાનુ કામ ટુંકમાં શરૂ થઈ જશે. ક્રીકેટ સ્ટેડિયમ તૈયાર કરવા માટે રૂ ૪૫ કરોડના ખર્ચને વહીવટી મંજુરી આપી દેવામાં આવી છે. નવા સ્ટેડિયમમાં અંદાજિત ૪ પ્રેક્ષકો બેસી શકે તેવી બેઠક વ્યવસ્થા તેમજ ખેલાડીઓ માટે ફર્નિચર સાથેના ગ્રીનરૂમ તૈયાર કરાશે. પીચની બન્ને બાજુ નોર્થ અને સાઉથ બ્લોક ઉભા કરાશે.

શહેરના સે-૨૧ જીમખાના મેદાનમાં નવુ ક્રિકેટ સ્ટેડીયમ તૈયાર કરવામાં આવી રહ્યુ છે. પ્રથમ તબક્કામાં ક્રીકેટ મેદાનમાં પીચ તૈયાર કરાઈ હતી જયારે હવે બીજા તબક્કામાં પીચ આસપાસના બે બ્લોક સહીત પ્રેક્ષક ગેલેરીની બેઠક વ્યવસ્થા તૈયાર કરાશે. સે-૨૧ માં રણજી ટ્રોફી કક્ષાની મેચ રમી શકાય તે મુજબની પેટર્ન પર પીચ અને સ્ટેડિયમ તૈયાર કરવામાં આવી રહ્યા છે. પીચ તૈયાર કરવા માટે અગાઉ આંતરરાષ્ટ્રીટ ક્રીકેટરનુ માર્ગદર્શન પણ માર્ગ મકાન વિભાગની ટીમે લીધુ હતુ. જયારે પીચની કામગીરી પુર્ણ થયા બાદ લાંબા સમયથી બીજા તબક્કાની કામગીરી અટવાઈ હતી આખરે વિભાગ કક્ષાએથી ક્રિકેટ મેદાનના બીજા તબક્કાની કાર્યયોજનાને વહીવટી મંજુરી આપી દેવામાં આવી છે. જેમાં પીચની બન્ને બાજુ નોર્થ અને સાઉથ બ્લોક તૈયાર કરાશે જેમાં પ્રેક્ષકો માટે બેસવાની વ્યવસ્થા કરાશે. આ માટે ૪ હજાર જેટલા પ્રક્ષકો બેસી શકે તે મુજબની ખુરશીઓ મુકવામાં આવશે. આ ઉપરાંત નોર્થ બ્લોકમાં જનરલ બેઠક વ્યવસ્થા અને સાઉથ બ્લોકમાં વી આઈ પી માટે બેઠક તૈયાર કરાશે. બ્લોકને અનુલક્ષી બે પ્રકારના પાર્કીંગ તેમજ ગેટ પણ બનશે. આ ઉપરાંત ખેલાડીઓ માટે બેસવાની વ્યવસ્થા તેમના ગ્રીનરૂમ, ડાઈનીંગ પણ તૈયાર થશે પીચ બાદ સે-૨૧ સ્ટેડિયમ તૈયાર કરવા માટે અંદાજિત રૂ ૪૫ કરોડનો ખર્ચ કરાશે. હવે ટુંકમાં જ આ

- પીચની બન્ને તરફ નોર્થ અને સાઉથ બ્લોક બનશે
- ખેલાડીઓ માટે ગ્રીનરૂમ
- ફર્નિચર સાથેના રૂમ તેમજ ડાઈનીંગ રૂમ પણ બનશે
- ખેલાડીઓ માટે અલાયદી બેઠક વ્યવસ્થા
- પ્રેક્ષક ગેલેરીમાં૪ હજાર પ્રેક્ષકો બેસી શકશે
- વીઆઈપી તેમજ જનરલ બેઠક વ્યવસ્થા સાથે પાર્કીંગ બનશે

સ્ટેડીયમમાં ગ્રીન રૂમમાં ફર્નિચરનુ કામ પણ હાથ ધરાશે. ખેલાડીઓ સહીત વી આઈ પી મહાનુભાવો માટે પ્રવેશદ્વાર પણ અલગ રહેશે. કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે જયારે આગામી ૧૮ મહીનામાં સ્ટેડિયમનુ કામ પુર્ણ કરી દેવાશે.

# રવિવારે વેપારી, હોકર્સ માટે ખાસ વેક્સિનેશન કેમ્પ યોજાશે

**જિલ્લામાં આજે ૯,૮૯૯ લોકોને વેક્સિનેશનમાં આવરી લેવામાં આવ્યા છે**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આજે ૯,૮૯૯ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. આ રવિવારે જિલ્લાના વેપારીઓ તેમજ હોકર્સ માટે રસીકરણનું ખાસ અભિયાન ચાલુ રહેશે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૦ જેટલા સ્થાનો પર ૫૯૨૪ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. ગ્રામ્યમાં આજ સુધીમાં ૪,૬૫,૩૧૧ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૧,૨૪,૭૫૯ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે.

શહેરમાં આજે ૩૯૭૫ લોકોનો વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

દરમ્યાન રવિવારે જિલ્લાના વેપારીઓ તેમજ હોકર્સ માટે ૪૮ સ્થાનો પર ખાસ અભિયાન હાથ ધરવામાં આવશે. કોરોના સામેની લડાઈમાં વેપારીઓ તેમજ સામાજિક સેવા સંસ્થાના કર્મચારીઓને વેક્સિનથી સુરક્ષિત કરવાનુ ખાસ આયોજન કરવામાં આવ્યુ છે.

રાજ્યમાં વેપારી-હોટલ અને સેવાકીય ક્ષેત્રના કર્મચારીઓને ૩૧ જુલાઈ સુધીમાં વેક્સિન લઈ લેવાની ગૃહ વિભાગે જાહેર કરેલ સૂચનાને ધ્યાને લઈ ગાંધીનગર શહેરમાં ૮ સ્થાનો પર અને જિલ્લામાં ૪૦ સ્થાનો પર ખાસ વેક્સિનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.

સે. ૨૧, સે. ૭, સે. ૨૪, સે. ૨૯, સે. ૨ તેમજ સે. ૮ માં રવિવારે ખાસ વેક્સિનેશન કેમ્પ યોજવામાં આવ્યાનું મનપાના સૂત્રોએ જણાવ્યુ છે. ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ વેક્સિનેશન કેમ્પ માટેનું આયોજન વિચારાધીન હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં વેક્સિનેશન અભિયાનમાં અત્યાર સુધીમાં ૮૨ ટકાથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે તેમાં નાના-મોટા વેપારીઓનો પણ સમાવેશ થયો હશે તેવુ તંત્રનું માનવુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં રવિવારે વેપારીઓ, શાકભાજી, ફ્રુટ સહિતના નાના હોકર્સ માટે ૪૦ જેટલા સ્થાનો પર ખાસ વેક્સિનેશનની સેશન સાઈટો ગોઠવવામાં આવી હોવાનું જિલ્લાતંત્રના સૂત્રોએ કહ્યુ છે.

# દહેગામમાં કોરોનાનો એક કેસ નોંધાયો

**શહેરમાં સતત પાંચમા દિવસે પણ કોરોનાનો એકેય કેસ નોંધાયો નથી**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે જ્યારે શહેરમાં સતત પાંચમા દિવસે પણ કોરોનાનો એકેય કેસ નોંધાયો નથી.

દહેગામ તાલુકાના હરખજીના મુવાડા ગામે ૪૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ સાથે એક્ટીવ કેસની સંખ્યા વધીને ૪૭ પર પહોંચી છે. ગ્રામ્ય વિસ્તારના એક પણ દર્દીને આજે ડિસ્ચાર્જ આપવામાં આવેલ નથી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક કેસ મળતાં હોમ ક્વોરોન્ટાઈનમાં રખાયેલા વ્યક્તીઓની સંખ્યા વધીને ૫૨ થઈ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એકેય કેસ નોંધાયો નથી અને એક પણ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ નથી.

જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં રિકવરી રેટ ૯૭ ટકાને પાર કરી ગયો છે. જિલ્લામાં છુટા છવાયા કેસો મળી રહ્યા છે બાકી સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ માસ્ક ફરજીયાત પહેરવાની સૂચનાના અસરકારક અમલીકરણ માટે તાકીદ કરી છે.

# શહેરમાં ફુટપાથના ગાબડા પુરવા માટે સર્વે હાથ ધરાશે

**શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ વોક વે પર ગાબડા : કોર્પોરેશને તોડેલી ફુટપાથના ગાબડા માર્ગ મકાન વિભાગ પુરશે**

ગાંધીનગર તા ૨૩

શહેરમાં ફુટપાથના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. પરંતુ ફુટપાથની જાળવણીના નામે મીંડુ ચિતરાયેલુ છે. મુખ્યમાર્ગો તેમજ સેકટરોના એપ્રોચ રસ્તાઓની આભા વધારતા વોક વે હવે તુટેલી ફુટેલી અને કંગાળ હાલતમાં જોવા મળી



રહ્યો છે. કોર્પોરેશનના તંત્રએ ફુટપાથને ફંગોળી નાંખ્યા બાદ હવે વોક વે ના ગાબડા પુરવા માટે પાટનગર યોજના વિભાગ દ્વારા સર્વે હાથ ધરાશે. ત્યારબાદ ફુટપાથની જાળવણીનુ કામ શરૂ થશે.

શહેરમાં છેલ્લા બે વર્ષમાં ફુટપાથનો ભુકો થઈ ગયો છે. નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ સ્થિત ફુટપાથ પર ઠેર ઠેર મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે. સેકટરોમાં સ્ટાર્મ વોટર લાઈનની કામગીરી દરમિયાન ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ ન થતા વરસાદી દિવસામાં આખી ફુટપાથ જ જમીનમાં ગરકાવ થઈ જાય છે. જયારે મોટાભાગના ઠેકાણે ફુટપાથની ટાઈલ્સો પણ ઉખડી ગઈ છે. જેના લીધે ફુટપાથ પર વોકીંગ કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. છેલ્લા બે વર્ષથી ફુટપાથનુ નેટવર્ક વેરણવિખેર થઈ ગયુ છે. કોર્પોરેશનના તંત્રએ ફુટપાથને ગાબડા ગ્રસ્ત બનાવ્યા બાદ લાંબા સમયના અંતે પણ વોક વે ની જાળવણી કરવામાં આવી નથી. જેના લીધે હાલ ફુટપાથ પર વોકીંગ કરવાનુ પણ જોખમી બન્યુ છે. શહેરના માર્ગો કરતા ફુટપાથ વધુ જોખમી બની છે. આ સ્થિતિને અનુલક્ષી પાટનગર યોજના વિભાગ દ્વારા ફુટપાથનો સર્વે હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. સર્વેના અંતે ફુટપાથના ગાબડા પુરવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવશે જેના અંતે ફુટપાથની જાળવણીનુ કામ હાથ ધરાશે

## મનપાની મિલ્કત વેરાની આવક ૧૭.૭૭ કરોડ પર પહોંચી

ગાંધીનગર મહાનગર પાલિકામાં આજ સુધીમાં ૨૯ હજાર જેટલા મિલ્કત ધારકોએ તેમના મિલ્કત વેરાના બિલો ભરી દીધા છે. ગાંધીનગર મહાનગર પાલિકાને આજ સુધીમાં રૂ. ૧૭.૭૭ કરોડની આવક મિલ્કત વેરાની પ્રાપ્ત થઈ છે. મિલ્કત વેરામાં રિબેટની યોજના પૂર્ણ થઈ ગયા પછી પણ મિલ્કત વેરાના નાણાં ભરવા માટે લોકોએ સારો રસ દાખવ્યો છે. ૩૧-૭-૨૦૨૧ સુધીમાં મિલ્કત વેરો નહિ ભરનારાઓ સામે દંડનીય વ્યાજ આકારવામાં આવશે. ગત વર્ષની તુલનામાં આ વખતે મિલ્કતવેરો ભરવામાં લોકોએ સારો પ્રતિસાદ આપ્યાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે. જો કે સિલીંગ સહિતની કામગીરી ઓગષ્ટની મધ્ય પછી હાથ ધરવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## કોરોના કેસો ઘટતા જ અમદાવાદ એરપોર્ટ ફરી ધમધમ્યું

અમદાવાદ,તા.૨૩

રાજયમાં કોરોના વાયરસના કેસો દિવસે દિવસે ઘટતા જોવા મળી રહ્યા છે. કેસો ઘટતા લોકોના ધંધા રોજગાર ફરી એકવાર ધમધમી રહ્યા છે.ત્યારે અમદાવાદ એરપોર્ટ પર એક જ મહિનામાં ડોમેસ્ટિક મુસાફરોની અવર જવરમાં ૭૦ ટકા જેટલો વધારો નોંધાયો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ એરપોર્ટ પર મે મહિનામાં ૧ લાખ ૩૨ હજાર મુસાફરો જ્યારે જૂન મહિનામાં ૨ લાખ ૨૩ હજાર ૪૦૦ મુસાફરોની અવર જવર નોંધાઈ હતી. જૂન મહિનામાં કુલ ૨ હજાર જેટલી ફ્લાઈટોની અવરજવર હતી. અમદાવાદ એરપોર્ટ પર જૂનમાં પ્રત્યેક ફ્લાઈટમાં સરેરાશ ૧૦૩થી વધારે મુસાફરો હતાં.


## ગાંધીનગરમાં સોનેરી તક

- ગાંધીનગર સેક્ટર - ૨૮ ગાર્ડન ક્રાફ્ટવીલામાં ૪૫ દુકાનો માસિક રૂ. ૭૫૦૦ થી ૧૦,૦૦૦ ભાડાથી આપવાની છે. દુકાન ભાડે રાખવા રસ ધરાવતા વ્યક્તિએ વિગતો સીલબંધ કવરમાં નીચેના એડ્રેસ પર મોકલવાનું રહેશે.
- ગાંધીનગર સેક્ટર ૨૮ ગાર્ડનમાં આવેલ પાર્ટીપ્લોટનાં સંચાલન કરવા માટેની ઓફર નીચેના સરનામાં પર સીલબંધ કવરમાં મોકલવાનું રહેશે.
- સેક્ટર ૨૮ ગાર્ડનમાં આવેલ ફુડ કોર્ટ ભાડાથી ચલાવવાની ઓફર સીલબંધ કવરમાં નીચે લખેલ સરનામાં પર મોકલવાનું રહેશે.
- સેક્ટર ૨૮ ગાર્ડનમાં આવેલ રેસ્ટોરેન્ટ ચલાવવાની ઓફર સીલબંધ કવરમાં નીચે લખેલ સરનામાં પર મોકલવાનું રહેશે.
- સેક્ટર ૨૮ ગાર્ડન ગાંધીનગર ખાતે જાહેરાત માટેનો હક્ક લેવા માટેની ઓફર સીલબંધ કવરમાં નીચેના સરનામાં પર મોકલવાનું રહેશે.

નોંધ -

૧. સ્થળ જોવા માટેનો સમય - બપોરે ૧:૦૦ થી ૫:૦૦ નો રહેશે
૨. રસ ધરાવતા વ્યક્તિએ પોતાનું નામ, સરનામું, મોબાઇલનં, ધંધાનો પ્રકાર અને ઓફરની વિગત સાથે સીલબંધ કરીને નીચે દર્શાવેલ સ્થળ મોકલવાનું રહેશે.
૩. સીલબંધ કવર નીચે દર્શાવેલ સ્થળ પર દિન -૭માં મોકલવું

- કવર મોકલવા માટેનું સ્થળ -
સેક્ટર-૨૮ ગાર્ડન, ગાંધીનગર
સંપર્ક- ૯૮૨૪૪ ૭૮૮૬૭


# જિલ્લામાં માત્ર ૫૨ ટકા જ ખરીફ વાવણી

**૨૪ થી ૨૮ જુલાઈમાં મધ્યમથી હળવા વરસાદનું પૂર્વાનુમાન છે : વરસાદ ખેંચાતા વાવણી પર વિપરીત અસરો થઈ**

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લામાં વરસાદ ખેંચાતા ખરીફ સિઝનની વાવણી માત્ર ૫૨ ટકા જેટલા વિસ્તારમાં જ થઈ. આખા રાજયમાં ચોમાસાની સિઝનનો અત્યાર સુધીનો સૌથી ઓછો વરસાદ જિલ્લામાં નોંધાયો છે.



જિલ્લામાં સારા વરસાદની અપેક્ષાને લઈ ખેડૂતોએ પાક પેટર્નમાં પણ બદલાવ કર્યો હતો. આ વખતે જિલ્લામાં મગફળી અને તેલિબિયા પાકોનું વાવેતર સારૂ થયુ છે. જો કે વરસાદ ખેંચાતા વાવણી કાર્ય સાવ સ્થગિત થઈ ગયુ છે.

જિલ્લામાં સામાન્યતઃ ખરીફ સિઝનમાં ૧,૩૬,૯૧૦ હેક્ટરમાં વાવેતર થતુ હોય છે. આ સામે આજ સુધીમાં જિલ્લામાં માત્ર ૭૧,૨૨૦ હેક્ટરમાં જ વાવેતર નોંધાયુ છે જે લગભગ ૫૨ ટકા જેટલુ થવા જાય છે.

જિલ્લાના મુખ્ય પાક ગણાતા કપાસના પાકમાં વાવેતર વિસ્તાર ઘટ્યો છે. શાકભાજીના પાકનું ૮૭૪૯ હેક્ટરમાં વાવેતર થયુ છે જે અગાઉ ખરીફ સિઝનમાં ૧૪,૪૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં થતુ હતુ.

જિલ્લામાં આ વખતે મગફળીનું વાવેતર ૧૨,૨૦૧ હેક્ટરમાં, તલનું ૨૩૦ હેક્ટરમાં, સોયાબીનનું ૫૧ હેક્ટરમાં વાવેતર થયુ છે. મગનું વાવેતર ૭૨૦ હેક્ટરમાં, મઠનું વાવેતર ૩૦૮ હેક્ટરમાં, અડદનું વાવેતર ૬૩૫ હેક્ટરમાં થયુ છે.

વરસાદ ખેંચાતા ખેડૂતો હવે વાવણી કરેલા પાકના બચાવવાના આયોજનોમાં વ્યસ્ત બન્યા છે. જો એકાદ દિવસમાં વરસાદ નહિ આવે તો પાકને પિયત આપવા માટે તૈયાર રહેવુ પડશે.

દરમ્યાન દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન શાસ્ત્રના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૩૩ માં ૨૪ જુલાઈથી ૨૮ જુલાઈ સુધીમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે મહત્તમ તાપમાન ૩૪-૩૫ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬-૨૮ ડિગ્રી સે. રહેવાની સંભાવના જણાવાઈ છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૫ થી ૮૩ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૨ થી ૨૮ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા વ્યસ્ત કરાઈ છે.

# સે-૨૯ માં છ કક્ષાના નવા ૨૮૦ આવાસો બાંધવાનુ કામ શરૂ કરાયુ

**અન્ય ૨૮૦ મકાનો બાંધવા માટે પણ ટુંકમાં સ્થળ પસંદગી કરાશે**

ગાંધીનગર તા ૨૩

શહેરના સે-૨૯ માં છ કક્ષાના નવા ૨૮૦ મકાનો બાંધવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે અન્ય ૨૮૦ મકાનો બાંધવા માટે પણ ટુંકમાં સ્થળ પસંદગી કરાશે. સે-૨૯ માં સ્થળ પસંદગી બાદ લાંબા સમયના અંતે આવાસ નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવી છે. નવા આવાસો બાંધવાનુ કામ સેકટરોમાં તબક્કાવાર હાથ ધરવામાં આવતા કર્મચારીઓને સુવિધાયુક્ત મકાનો મળશે.કુલ ૫૬૦ આવાસો બાંધવા માટે અંદાજિત રૂ ૮૦ કરોડનો ખર્ચ કરાશે.

શહેરના સે-૨૯ માં છ કક્ષાના નવા બ્લોક બાંધવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. સે-૬ અને સે-૭ સહીત સે-૨૯ માં અગાઉ નવા બ્લોક બાંધવામાં આવ્યા હતા જયાં હાલ કર્મચારીઓનો વસવાટ છે. જયારે સે-૬ માં પણ નવા આવાસો તૈયાર કરી દેવાયા છે. એકબાજુ શહેરમાં જુના અને જર્જરિત મકાનો તોડીને નવા કાર્પોરેટ લુક ધરાવતા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. શહેરમાં જુના આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. આવા સંજોગોમાં કર્મચારીઓ માટે રહેણાંકને લાયક મકાનો રહ્યા નથી. જેના લીધે કર્મચારીઓની આવાસ માટેની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. શહેરમાં તબક્કાવાર નવા મકાનો બાંધવા માટેનુ કામ પણ હાથ ધરવામાં આવે છે. લાંબા સમયના અંતે સે-૨૯ માં નવા આવાસો બાંધવા માટે સાઈટ નક્કી કરાઈ છે. જયાર સાઈટ નક્કી થયા બાદ હવે સેકટરમાં નવા ટાવર બાંધવા માટેનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. સે-૨૯ માં છ કક્ષાના નવા ૨૮૦ મકાનો બાંધવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. જયારે આવાસોના નિર્માણને અનુલક્ષી સ્થળ પર પાયા ખોદવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે હજુ પણ અન્ય ૨૮૦ મકાનો બાંધવાનુ આયોજન કરાયુ છે. જો કે આ માટે હજુ સ્થળ પસંદગી કરવામાં આવી નથી. ટુંકમાં જ વિભાગ કક્ષાએથી ખુલ્લી જગ્યાનો સર્વે કરી નવા ૨૮૦ મકાનો બાંધવા માટે પણ સ્થળ નક્કી કરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૮૦ કરોડનો ખર્ચ કરાશે. ત્યારે સે-૬ માં પણ નવા ટાવરો તૈયાર કરી દેવાયા છે. જેથી ટુંકમાં જ આ આવાસોનુ લોકાર્પણ કરવા માટે પ્રક્રીયા હાથ ધરાશે.

## બાળકોની તંદુરસ્તી જાળવવા સામાજિક જાગૃતિ અભિયાન જરૂરી છે : જાગૃતિબેન પંડ્યા




ગાંધીનગર, તા. ૨૩

બાળકોની તંદુરસ્તી જાળવવી અતિ આવશ્યક છે એટલુ જ નહિ તાવ કે અન્ય બિમારીમાં પણ સમયસર સારવાર મળી રહે તે વધુ જરૂરી છે. આ માટે મારૂ ગામ કોરોનામુક્ત, મારૂ બાળક કોરોનામુક્ત તે થીમ પર સામાજિક જાગૃતિનું સૌએ સહિયારૂ અભિયાન શરૂ કરવુ પડશે તેમ રાજ્ય બાળ-આયોગના ચેરમેન સુશ્રી જાગૃતિ પંડ્યાએ કહ્યુ હતુ.

આજે ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે પંચાયત પદાધિકારીઓ અને મહિલા-બાળ વિકાસ વિભાગની યોજાયેલ બેઠકને સંબોધતાં તેમણે સૌ આગેવાનોને ચાઈલ્ડ કેર ઈન્સ્ટીટ્યુટની મુલાકાત લેવા, જિલ્લાના બાળ નિષ્ણાતોના નંબર રાખવા પણ આગ્રહ કર્યો હતો. તેમણે ચાલી રહેલા વેક્સિનેશન અભિયાનમાં વધુ ને વધુ લોકોને આવરી લેવામાં આવે તે માટે આપણે સામાજિક જાગૃતિ અભિયાન ચલાવવુ પડશે.

આ બેઠકમાં તેમણે મુખ્યમંત્રીની બાલસેવી યોજના, બાળ સ્વરાજ પોર્ટલ, પી.એમ.કેર ફંડ સહિતની વિવિધ યોજનાઓ અંગે પણ વાતચીત કરી વિગતો આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com